# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ ,ખડિયા

જૂનાગઢ,ગુજરાત (ભારત) ફો.(ઓ) :૦૨૮૫ -૨૬૮૧૪૦૦

Website :http://www.bknmu.edu.in Email : info@bknmu.edu.in


## પરિપત્ર

**વિષય : ૫ સપ્ટેમ્બર-૨૦૨૧ "શિક્ષક દિન" ની ઉજવણી તથા ફાળો એકત્ર કરવા બાબત**

**સંદર્ભ : જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીના પત્ર ક્રમાંક : શિ.નિ./શિક્ષક દિન/૨૦૨૧/૨૪૦૫ તા. ૦૧/૦૯/૨૦૨૧ અન્વયે.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી-જુનાગઢ સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમોના આચાર્યશ્રીઓ/ સંસ્થાના વડાશ્રીઓ/ પી.જી.સેન્ટરના વડાશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે દર વર્ષે ૫ સપ્ટેમ્બરે સમગ્ર ભારતમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે તેમ આ વર્ષે પણ શિક્ષક દિનની ઉજવણી કરવાનું તેમજ ફાળો એકત્ર કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

૧. આ કાર્યક્રમ દરમિયાન આપની સંસ્થા દ્વારા શિક્ષક દિન નિમિતે વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે, તે બાબતને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત થાય તેવા પ્રયત્નો આપની કક્ષાએથી કરવાનું જણાવવામાં આવે છે.

૨. આપની સંસ્થા દ્વારા ઔદ્યોગિક સંકુલો તેમજ ઉદ્યોગપતિઓને શિક્ષક દિન નિમિતે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવાનું જણાવવામાં આવે છે.

૩. ફાળો એકત્ર કરવાનું અભિયાન તા. ૫ સપ્ટેમ્બર-૨૦૨૧ થી શરુ કરીને એક અઠવાડિયા સુધીનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

૪. અભિયાન દરમિયાન એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની બેંકમાં જમા કરાવવાની રહેશે.

| | |
|---|---|
| ખાતાનું નામ | સેક્રેટરી/ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફર |
| બેંકનું નામ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, મેઈન બ્રાન્ચ, સચિવાલય, ગાંધીનગર |
| ખાતા નં. | ૧૦૩૨૫૦૬૧૩૬૯ |

ઉપરોક્ત વિગત નં. ૧ થી ૩ મુજબનાં કાર્યક્રમ અંગેના આયોજનની વિગતો તેમજ ઉજવણી અંગેનો અહેવાલ, એકત્ર કરેલ ફાળાની વિગતો તેમજ એકત્ર થયેલ રકમ બેંકમાં જમા કરાવ્યા અંગેની પહોંચની નકલ વગેરે એકેડમિક વિભાગના ઇ-મેઇલ academicbknmu@gmail.com પર મોકલી આપવાની રહેશે. તેમજ વધુમાં ફાળાની રકમ બેંકમાં જમા કરાવ્યા અંગેની પહોંચ **જીલ્લા શિક્ષણાધિકારી કચેરી, ૨/૧, બહુમાળી ભવન, સરદાર બાગ જુનાગઢ**ને રૂબરૂ કે ઈ-મેઈલનાં માધ્યમથી તા. ૨૦/૦૯/૨૦૨૧ પહેલા મોકલી આપવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

બિડાણ :
સંદર્ભપત્રની નકલ

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/૯૦૯૦/૨૦૨૧
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ
તા. ૦૩/૦૯/૨૦૨૧

પ્રતિ,
ભકત કવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના :**
માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગતસચિવશ્રી..

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

૨/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ.
ફોન અને ફેકસ નં. (૦૨૮૫) ૨૬૩૦૧૫૧ E-mail:junagadhdeo@gmail.com

ક્રમાંક નં : શિ.નિ./શિક્ષકદિન/૨૦૨૦/૭૪૦૫ તા.૦૧/૦૯/૨૦૨૧

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી – જુનાગઢ
જૂનાગઢ જી. જૂનાગઢ.

વિષય : ૫ સપ્ટેમ્બર-૨૦૨૦ "શિક્ષકદિન" ની ઉજવણી કરવા તથા ફાળો એકત્ર કરવા બાબત.

સંદર્ભ : પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ના તા. ૨૬/૦૮/૨૦૨૦ પત્ર ક્રમાંક :નં. પ્રાશાન/જ/રાજયએવોર્ડ/૨૦૨૧/૪૦૧૬-૪૧૮૨.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુંકે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ૫ સપ્ટેમ્બર-૨૦૨૦ ના દિવસને "શિક્ષકદિન" તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે,

- આ કાર્યક્રમ દરમ્યાન આપની યુનિવર્સીટી હેઠળ પ્રત્યેક સંસ્થા અને કોલેજો દ્વારા શિક્ષકદિન નિમિતે વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત કરવા તમામ કોલેજો અને યુનિવર્સીટી હેઠળની પ્રત્યેક સંસ્થા ને જાણ કરી કાર્યક્રમનું આયોજન ગોઠવવું.
- જિલ્લાના ઔદ્યોગિક સંકુલ, ઉદ્યોગપતિઓને "શિક્ષકદિન" નિમિતે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી અને ફાળો એકત્ર કરવો.
- આ ફાળો એકત્ર કરવાનું અભિયાન તારીખ ૫ સપ્ટેમ્બર-૨૦૨૧ "શિક્ષક દિન"થી શરૂ કરીને એક અઠવાડિયા સુધી આયોજન રાખવું.આ અભિયાન દરમ્યાન આપની કક્ષાએ એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની બેંકમાં જમા કરાવવાની રહેશે. અને તે અંગેની પહોચ આ કચેરીને તા:૨૦/૦૯/૨૦૨૧ પહેલા મોકલી આપવાની રહેશે.
- આપની યુનિવર્સીટી હેઠળ પ્રત્યેક સંસ્થા અને કોલેજો દ્વારા શિક્ષકદિનનો ફાળો આ કચેરીમાં જમા કરાવવાનો નથી. તે અંગેની જાણ આપની કાક્ષાએથી તમામ કોલેજોને કરવાની રહેશે.

ખાતાનું નામ: સેક્રેટરી/ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફર,
બેન્કનું નામ: સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, મેઈન બ્રાંચ,સચિવાલય,
ગાંધીનગર , ખાતા નં : **10325061369**

જિલ્લા શિક્ષણાધિકારી
જૂનાગઢ જિલ્લો
જૂનાગઢ.

ક્રમાંક:- પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૧/૪૦૬૬-૪૧૮૨

ડૉ.એમ.આઇ.જોષી,
નિયામક

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર,
તા.૨૬/૦૮/૨૦૨૧.

વિષય:- ૫ સપ્ટેમ્બર-૨૦૨૧ "શિક્ષક દિન" ના કાર્યક્રમ બાબત.

સ્નેહીશ્રી,

આપ સુવિદિત છો કે દર વર્ષે ૫ મી સપ્ટેમ્બર " શિક્ષક દિન" તરીકે ઉજવાય છે. ચાલુ વર્ષે પણ ૫મી સપ્ટેમ્બર-૨૦૨૧ ના દિવસે " શિક્ષક દિન" નિમિત્તે કાર્યક્રમ કરવા અંગે આપના જિલ્લામાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૧) જિલ્લા તથા તાલુકા કક્ષાનાં પારિતોષિક માટે અત્રેની કચેરી દ્વારા ગ્રાંટ ફાળવી આપવામાં આવશે.આ ગ્રાંટમાંથી પારિતોષિક કાર્યક્રમનાં ખર્ચની વ્યવસ્થા જીલ્લા કક્ષાએથી કરવાની રહેશે.

(૨) શિક્ષક દિનનાં કાર્યક્રમ માટે સ્થાનિક ઉજવણી સમિતિ દ્વારા COVID-19 ની માર્ગદર્શિકા મુજબ સભ્યોએ ઉપસ્થિત રહી, સામાજીક અંતર જાળવી , કાર્યક્રમ સફળ બનાવવાનો રહેશે.

(3) શિક્ષક દિનનાં કાર્યક્રમ કરવા સંબંધે સ્થાનિક ઉજવણી સમિતિ દ્વારા મળેલ માર્ગદર્શન મુજબ આયોજન કરશો.

(૪) શિક્ષક દિનનાં કાર્યક્રમ દરમ્યાન પ્રત્યેક જિલ્લા દીઠ શિક્ષક દિન નિમિતે વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાના કાર્યક્રમનું આયોજન ગોઠવવું.

(૫) આ ફાળો એકત્ર કરવાનું કાર્ય તારીખ ૫ સપ્ટેમ્બર , શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી રાખી શકાય.

(૬) આ કાર્યક્રમ દરમ્યાન એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની વિગતે બારોબાર જમા કરાવવાની રહેશે.

| ક્રમ | ફાળો એકત્ર કરનાર સંસ્થાઓ | નિયંત્રણ અધિકારી |
|---|---|---|
| ૧ | નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ | શાસનાધિકારી,સંબંધિત નગર/મહાનગર શિક્ષણ સમિતી |
| ૨ | જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ અને ખાનગી પ્રાથમિક શાળાઓ | સંબંધિત તાલુકાનાં તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૩ | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |
| ૪ | કોલેજો અને યુનિવર્સીટી સંલગ્ન સંસ્થાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |



Scanned with CamScanner

| ૫ | પી.ટી.સી કોલેજો | જીલ્લા શિક્ષણાધિકારી |
|---|---|---|

એકત્ર થયેલ ફાળાની રકમનો રોજે રોજનો હિસાબ ઉપરોક્ત અધિકારીઓએ રાખવાનો રહેશે અને ફાળો એકત્ર કરવાનું અઠવાડિયું પુરૂ થાય તુરંત જ નીચે જણાવેલ બેંકમાં અને જણાવેલ ખાતામાં સંબંધિત અધિકારીઓએ બારોબાર જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

શિક્ષકદિનનો ફાળો નીચેની બેંકમાં જમા કરાવવાનો રહેશે:-
ખાતાનું નામ:સેક્રેટરી/ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફેર ,
બેંકનું નામ :- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા,મેઈન બ્રાન્ચ, સચિવાલય,ગાંધીનગર.
ખાતા નં.10325061369

૭. આપના તરફથી એકત્ર થયેલ ફાળો રોકડેથી કે ડીમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી આ કચેરીને મોકલવાનો નથી તેની ખાસ કાળજી લેવી અને ઉપરોક્ત જણાવેલ સ્ટેટ બેન્કના ખાતામાં જમા કરાવવાનો રહેશે.

૮. જિલ્લાના ઔદ્યોગિક સંકુલ ઉદ્યોગપતિઓને "શિક્ષકદિન" નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી.

૯. ફાળો એકત્ર કરવાની જરૂરી વ્યવસ્થા દરેક જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીશ્રીએ કરવાની રહેશે.

૧૦. શિક્ષક દિનની ઉજવણીનો અહેવાલ , આ કચેરીને ડૉ એસ.પી.ચૌધરી, નાયબ નિયામકશ્રીના નામ જોગ તા.૨૫/૯/૨૦૨૧ સુધીમાં મોકલી આપવો. આપના જિલ્લાના કાર્યક્રમોના ફોટોગ્રાફ તથા એકત્રીત થયેલ ફાળાની વિગતો પણ અહેવાલમાં સામેલ કરવી.

૧૧. તારીખ ૫ મી સપ્ટેમ્બરનાં રોજ શિક્ષક દિન નિમિત્તે તાલુકા અને જિલ્લા કક્ષાએ જે શિક્ષકોને પારિતોષિક આપવા માટે પસંદ કરવામાં આવે તે અંગેનાં કાર્યક્રમમાં , COVID-19 ની માર્ગદર્શિકા મુજબ સભ્યો વધે નહિ તે રીતે હાથ ધરવા જણાવવામાં આવે છે.

નોંધઃ કોઇપણ સંસ્થાએ રોકડમાં ફાળો અત્રેની કચેરીને મોકલવો નહિ.

આપનો સ્નેહાધિન,

(ડો.એમ.આઇ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુ. રા. ગાંધીનગર.



Scanned with CamScanner

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ આપના જિલ્લાની આવેલ બિન સરકારી / સરકારી શાળાઓ કચેરીઓને પણ આ પરિપત્રની જાણ કરી,તેઓને પણ આ કામગીરીમાં ભાગીદાર બનાવશો.

(૩) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

(૪) જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી, તમામ.

(૫) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

(૬) વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીશ્રીઓ, સદર કચેરી.

નકલ સવિનય જાણ સારૂ:-

૧.અંગત સચિવશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧,નવા સચિવાલય, ગાંધીનગર.



Scanned with CamScanner